

આ વખતે આઠ જ નોરતાં ગરબા રમવા માટે મળવાના હોવાથી નવ રાત્રીનો આનંદ જાણે આઠ જ રાતોમાં લૂંટી લેવાનો હોય એમ યુવા વર્ગ બીજા જ નોરતાથી નવરાત્રીની ફુલ્લી લોડેડ ઉજવણીમાં લાગી ગયો છે. મનભાવન વસ્ત્રો ને ગમતીલા સાથ-સંગાથ સાથે મન મુકીને ગરબે ઝૂમવાની મજા સૌ માણી રહ્યા છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડ ખાતે લેવામાં આવેલી આ તસવીર એ બાબતનો પુરાવો છે. (તસવીર : દિપક જાની)

### સૅક્ટર-૧૭ અને સૅક્ટર-૨૨

# શેરી ગરબાનો વારસો અહીં અકબંધ સચવાઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સૅક્ટર-૨૨ ગબ્બર ચૉક તેમજ સૅક્ટર-૧૭ના શોપીંગ સેન્ટર ખાતે આયોજિત નવરાત્રી મહોત્સવ છેલ્લાં ૨૦ વર્ષોથી પોતાનું મહત્ત્વ અડીખમ સાચવીને બેઠા છે. આ બંને સ્થળોની બીજી વિશેષતા એ પણ છે કે અહીં શેરી ગરબાનો વારસો હજી જેમનો તેમ સચવાઈ રહ્યો છે.



સૅક્ટર-૨૨ ખાતે વસાહત મંડળ અને વેપારી મંડળ દ્વારા સંયુક્ત રીતે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. શોપીંગ સેન્ટરની નજીકના મેદાનમાં નવરાત્રી મહોત્સવનું આયોજન થતું હોવાથી રાત્રે અહીં લોકો એકત્ર થતાં સ્વયંભૂ મેળાનો માહોલ સર્જાય છે. ગરબા અને ગીત-સંગીતની ધૂમ ઉપરાંત ખાણી-પીણી બજાર પણ રાત્રે ધમધમતું રહે છે. શહેર ઉપરાંત જિલ્લાના ગરબા રસિકો પણ અહીં મોટી સંખ્યામાં ઉમટી પડે છે. શહેરમાં પાર્ટી પ્લોટ્સનું અસ્તિત્વ નહોતું અને આસપાસનાં ગામોમાં પણ નવરાત્રીનાં બહુ આયોજનો નહોતા થતાં એ જમાનામાં સૅક્ટર-૨૨ના ગબ્બર ચૉક ખાતે આસપાસનાં ગામોમાંથી જીપો અને ટ્રેક્ટરો ભરીને લોકો ગરબા રમવા-જોવા આવતા એ અહીંનો ગરવો ઈતિહાસ છે.

મહોત્સવ સમિતિ દ્વારા લોકોની સુવિધા અને સુરક્ષાની પુરતી વ્યવસ્થા કરવામાં આવે છે. વસાહતીઓ સ્વયં અહીં સુરક્ષા માટે ખડે પગે રહે છે અને તે ઉપરાંત ખાનગી ગાર્ડ્સ પણ આ કામ માટે રોકવામાં આવે છે.

સૅક્ટર-૧૭નું દ્રશ્ય પણ સૅક્ટર-૨૨ના ગબ્બર ચૉક જેવું જ છે. અલબત્ત, અહીં ગબ્બર ચૉક જેટલી વિશાળ જગ્યા ધરાવતું મેદાન નથી, પરંતુ નવરાત્રી મહોત્સવની ઉજવણીમાં ઉત્સાહ કે ભક્તિની જરાય ખોટ નથી. અહીં પણ શોપીંગ સેન્ટરની પાસે જ વસાહતીઓ અને વેપારીઓ દ્વારા સંયુક્ત રીતે નવરાત્રી મહોત્સવનું આયોજન થાય છે. વર્ષોથી આ નવરાત્રી મહોત્સવ ખ્યાત ગાયકોને કારણે નગર ને જિલ્લામાં બહુ ચર્ચાસ્પદ છે.



અહીં પ્રફુલ્લ દવે, દિવાળીબેન ભીલ, મણિરાજ બારોટ, ગગન જેઠવા જેવા ખ્યાત કલાકારો આવી ચૂક્યા છે ને એ સમયે મેદાનની ક્ષમતા કરતાં બમણા લોકોએ અહીં ઉપસ્થિત રહીને તેમને માણ્યા છે એ ગરવી ઘટનાઓનો સાક્ષી છે આ ગરબા મહોત્સવ. નવરાત્રી સમયે નિત્ય કરવામાં આવતી રોશની પણ અહીંની ખાસિયતો પૈકીની એક છે.

શહેરમાં છેલ્લાં અઢારેક વર્ષથી પાર્ટી પ્લોટ્સનું કલ્ચર જામ્યું છે. પરંતુ તેમ છતાં આ સૅક્ટર્સના ગરબા મહોત્સવને જરાય આંચ આવી નથી. અહીં હજુ પણ મોટી સંખ્યામાં ગરબા રસિકો ને દર્શકો, ભાવિકો આવે છે અને પરંપરાગત રીતે રાસ-ગરબાની મજા માણે છે.

## નવરાત્રી ચારે કોર

**ચોથા નોરતે ગીત-સંગીતની સંગત :**

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે રોહિત ઠાકોર, મિત્તલ ઠાકોર-રામદેવ ઓરકેસ્ટ્રા.
- સરઢવ : વારાહી ચોક ખાતે સરલા દવે - સુરાવલી ગ્રૂપ.
- સરઢવ : માંડવી ચોક, ઉગમણી ભાગોળ ખાતે ગુલાબ રાઠોડ, અર્જુન ઠાકોર, નિગમા પદ્મરાજ-હિટ્સ મ્યુઝીકલ ગ્રૂપ, પાલનપુર.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે બ્રહ્માણી મ્યુઝીકલ પાર્ટી, ધોળાકુવા.
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે પૃથ્વીરાજસિંહ વાઘેલા, પૃથ્વીરાજ મ્યુઝીકલ પાર્ટી.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં ઝરણા ગ્રૂપ.
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં ગીત મ્યુઝીકલ પાર્ટી.
- કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે દિપ્તી દેસાઈ, અમીત ઠક્કર.
- લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ ખાતે કે જી બિટ્સ.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં પૂરવ પટેલ એન્ડ ગ્રૂપ.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં ભરતસિંહ બિહોલા, પાલજ.
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગ્રૂપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે વર્ષાબેન પંડ્યા, ભરત બારોડ - કોમલ આર્ટ.
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે જય અંબે ઓરકેસ્ટ્રા, ચિસકારી.
- સૅક્ટર-૩ એ ન્યૂ : નવરાત્રી ચૉક ખાતે જુગલબંધી મ્યુઝીકલ ગ્રૂપ.
- સૅક્ટર-૩ સી : શક્તિ ચૉક ખાતે રામુભાઈ શિકારી એન્ડ પાર્ટી.
- સૅક્ટર-૧૭ : શોપીંગ સેન્ટર ખાતે રાજ સોલંકી - શ્રી ગણપતિ કલાવૃંદ.

## ગરવી ગુજરાતણ

ગરમે ઘુમે, ગરબે ઘુમે, ગરવી ગુજરાતણ ગરબે ઘુમે,
ચૌદ ભુવનના દેવો ઝુમે, ગરવી ગુજરાતણ ગરબે ઘુમે.
ચરણોને આજે ચાનક ચડી છે,
તાળીઓની આખી તાશક ભરી છે.
આંખોમાં અંબાની મૂરત રમે, ગરવી ગુજરાતણ ગરબે રમે.
ઢોલના ધબકારે ઊભી થઈ છે,
ગરબાના વ્હેણમાં ડૂબી ગઈ છે.
રડતા બાળકને શાનું જુવે, ગરવી ગુજરાતણ ગરબે ઘુમે.
પગલે પગલે વાગે ઝાંઝરીઓ,
રંગોની ફરફર ઊડે વાદળીઓ.
અંબા આવ્યા છે એની બૂમે, ગરવી ગુજરાતણ ગરબે ઘુમે.

**- રણછોડ વી પરમાર**

# આજે નગરમાં વિશિષ્ટ વ્યક્તિઓનો ગરબા મહોત્સવ યોજવામાં આવશે

**ગાંધીનગર, તા. ૧૮**

**માનસિક વિશિષ્ટ બાળકોના ક્ષેત્રે કામ કરતી નગરની સેવા સંસ્થા ગ્રો ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં સતત નવમા વર્ષે માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ગરબા મહોત્સવ 'બાળુડાના ગરબા'નું આયોજન કરવામાં આવ્યું છે.**

**માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના વાલીઓના મંડળ 'સાધના', જી ઈ ક્લબ અને અવસર કલામંદિરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ વિશિષ્ટ ગરબા મહોત્સવ શુક્રવારે સાંજે પાંચ કલાકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવશે. જેમાં સમગ્ર ગાંધીનગર જિલ્લાના માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓની સાથે નગરની શાળા-કૉલેજો તથા વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓના પ્રતિનિધિઓ-કલાકારો પણ ગરબે ઘૂમશે. કાર્યક્રમના અતિથિ તરીકે સમાજ સુરક્ષા નિયામક આર એસ પટેલ, સમાજકલ્યાણ વિભાગના ઉપસચિવ જે પી નાયી, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખ જયેન્દ્રભાઈ પરીખ, નગરના સિનીયર ગાયનેકોલોજીસ્ટ ડૉ. રાજેશ શાહ, ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી તથા જુનિયર સિટીઝન કાઉન્સીલના પ્રમુખ કમલ ચૌધરી ઉપસ્થિત રહેશે.**

**પોતાની વિશિષ્ટ કુદરતી પરિસ્થિતને કારણે તકવંચિત રહી ગયેલા ને સમાજથી કંઈક છેટે રહેલા વિશિષ્ટ વ્યક્તિઓને સમાજની નજદીક લાવવાના આ પ્રયાસમાં સહકાર આપવા નગરના સૌ સેવાભાવી, ગરબા પ્રેમી નાગરિકોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આયોજક સંસ્થાઓ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.**

### ગાંધીનગર કલ્ચરલ ફોરમ

## બીજા નોરતાનું પરિણામ

| કેટેગરી | વિનર | રનર્સ-અપ |
|---|---|---|
| ચાઈલ્ડ બૉય | હેત પટેલ | રૂસ્વા શાહ |
| ચાઈલ્ડ ગર્લ | ઝીલ ભટ્ટ | કાવ્યા ભટ્ટ |
| કીડ બૉય | ધ્રુવ શાહ | રાજ ભાવસાર |
| કીડ ગર્લ | ચિનાર વંકાણી | હિરવા પટેલ |
| ટીનેજર બૉય | મહર્ષિ રાવલ | તીર્થ પટેલ |
| ટીનેજર ગર્લ | પૂર્વી ઘોઘારી | ધરતી કંદોઈ |
| ડ્રેસ પ્રિન્સ | જિગર વસાવા | ગુંજન પટેલ |
| ડ્રેસ પ્રિન્સેસ | ઋત્વી શાહ | વૈશાલી આહિર |
| પૅર | ગૌરાંગ પરમાર | હિરલ સોલંકી |
| | પ્રાચી નાયક | દર્શના સોલંકી |
| પરફોર્મન્સ પ્રિન્સ | તારક પંડ્યા | નવદીપ બારોટ |
| પરફોર્મન્સ પ્રિન્સેસ | ધ્વનિ શાહ | જલધિ પટેલ |

### ગાંધીનગર કલ્ચરલ ફોરમ

# બીજા નોરતે તારક પંડ્યા અને ધ્વનિ શાહ શ્રેષ્ઠ ખેલૈયા જાહેર

## બીજા જ નોરતે ખેલૈયાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા ગરબા વહેલા આરંભી આટોપી લેવાની વ્યવસ્થાને આવકાર

**ગાંધીનગર, તા. ૧૭**

**ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બીજા નોરતાની ઉજવણી અત્યંત ઉત્સાહપૂર્ણ રહી હતી. અહીં ગરબા ૯ વાગ્યે શરૂ થઈ જ જાય છે એ વાત જાણી ગયેલા ખેલૈયાઓ બીજા નોરતે તો નવ વાગ્યા પહેલાં જ તૈયાર થઈને ગરબા ગ્રાઉન્ડમાં ઉમટી પડ્યા હતા અને એ કારણે ગરબા ૯ વાગ્યે શરૂ કરી શકાયા હતા. બીજા નોરતે શ્રેષ્ઠ ખેલૈયા તરીકે તારક પંડ્યા અને ધ્વનિ શાહનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં.**

**૯ વાગ્યે ગરબાનો આરંભ કરવામાં આવશે અને ૧૨ વાગ્યે ગરબા આટોપી લેવામાં આવશે, એવી જાહેરાત કલ્ચરલ ફોરમ દ્વારા અગાઉથી જ કરવામાં આવી હતી અને એ વ્યવસ્થાને વળગી રહેતાં બીજા નોરતે આરતીની શરૂઆત ૯ વાગ્યા પહેલાં કરી દેવામાં આવી હતી. આરતી પૂર્ણ થાય એ પહેલાં તો ગરબા વહેલા શરૂ થાય છે એમ જાણી ગયેલા ખેલૈયાઓ તૈયાર થઈને ગરબા ગ્રાઉન્ડમાં સ્થાન લઈ ચૂક્યા હતા. આ કારણે આરતી પૂર્ણ થતાં જ રાત્રે ૯ વાગ્યાથી ગરબાની શરૂઆત કરી દેવામાં આવી હતી અને ૧૨ વાગ્યે આ કાર્યક્રમ સમેટી પણ લેવામાં આવ્યો હતો.**

**ગોલ્ડન ચિયર્સની સંગત હોવાથી ગરબા રસિકોને ગીત-સંગીતનો તાલ પણ ઉત્સાહપૂર્ણ મળ્યો હતો. પુરાણા અને ખ્યાત ગરબાની અનોખી લહેજત ગોલ્ડન ચિયર્સે કરાવી દીધી હતી. યુવા ખેલૈયાઓના મૂડને પારખીને પગ નૃત્ય કરવા થનગની ઊઠે એવા ગરબાનો આખો બીજા નોરતે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો, જેના તાલે ગરબા રસિકો મન મુકીને ગરબે રમ્યા હતા.**

**ગાંધીનગર કલ્ચરલ ફોરમના સુચારુ આયોજનની સુવાસથી ખેંચાઈને યુરોપથી આવેલા કેથલિક સમાજના ધાર્મિક મંડળે પણ ફાધર હૅક્ટરની આગેવાનીમાં ગરબા ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી અને અહીં સ્થાપિત માતાજીનાં દર્શન કરી ગરબા નિહાળ્યા હતા. સંસ્કારી અને શિસ્તબદ્ધ વાતાવરણમાં યોજાતા ગરબા જોઈને આ ધાર્મિક મંડળ અત્યંત આનંદિત થઈ ગયો હતો અને તેમણે આ સુંદર વ્યવસ્થા બદલ સંસ્થાને અભિનંદન આપ્યા હતા.**

# ગરબા ખેલૈયાઓમાં કચ્છના ડ્રેસ હૉટ ફેવરીટ

ગાંધીનગર, તા. ૧૭

નવરાત્રી એ યુવા વર્ગનો મનગમતો તહેવાર છે એ નાતે તેમાં વર્ષોવર્ષ નવા નવા ફેરફારો થતા રહે છે અને આ પર્વ હંમેશા નીતનવું લાગતું રહે છે. એવો જ એક નોંધનીય ફેરફાર આ વખતે જોવામાં આવ્યો છે અને તે એ છે કે આ વખતે નવરાત્રીમાં ગરબા દરમ્યાન પહેરવા માટે ખેલૈયાઓમાં કચ્છના ડ્રેસ હૉટ ફેવરીટ બની રહ્યા છે. શહેરમાં અનેક ખેલૈયાઓ એવા છે કે જેમણે ખાસ કચ્છથી પોતાના માટે ડ્રેસ તૈયાર કરાવ્યા છે. આમ તો શહેરમાં પણ માગો એવા ડ્રેસ વેચાણ કે ભાડેથી હાજર સ્ટોકમાં મળે છે, પરંતુ ઉત્સાહી ખેલૈયાઓને પોતાના ડ્રેસ અને પોતાની પેટર્નમાં જ રસ હોય છે. તેથી તેમણે આ વખતે કચ્છથી ડ્રેસ તૈયાર કરાવીને મંગાવ્યા છે. આમ કરવા પાછળ એમની દલીલ ઑરિજિનાલિટીની હતી. પહેલા જ નોરતે નગરના પાર્ટી પ્લોટ્સમાં આવા કચ્છથી તૈયાર થઈને આવેલા ડ્રેસ પહેરીને ગરબે ખેલતા ખેલૈયાઓ જોવા મળ્યા હતા, જેમણે માહિતી આપી હતી કે એમના સમગ્ર ગ્રુપમાં સૌ ખેલૈયાઓએ કચ્છથી તૈયાર કરવામાં આવેલા ડ્રેસ આ નવરાત્રી માટે ખરીદ્યા છે.

# ગુજરાત વિદ્યાપીઠ રાંધેજામાં તા. ૨૨મીએ સર્વ રોગ શિબિર


## જાહેર જનતા આ શિબિરનો લાભ લઈ શકશે

ગાંધીનગર, તા. ૧૮

સ્વ. જે જે બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે તા. ૨૨ ઑક્ટોબરથી ઑબેસિટી, ડાયાબિટીસ, દમ, આર્થરાઈટીસ, ચામડીના રોગોના નિદાન, સારવાર માટે સર્વ રોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરનો લાભ લેવા ઈચ્છતા લોકોને ૯૪૨૭૫ ૨૧૩૭૭ અથવા ૨૩૯૭૬૭૧૮નો સંપર્ક કરવા કેન્દ્રના મુખ્ય ચિકિત્સક ડૉ. ધર્મેશ પટેલે જણાવ્યું છે.

### પુરી એક અંધેરીને ગંડુ રાજા

# ડાહ્યા કવિને નગરીની વ્યવસ્થા વિશે વિચાર તો થયો હશે તે તેણે લખ્યું



સાહિત્ય સ્વામીએ ભલેને કવિ દલપતરામને સારા કવિ ન ગણે. પણ દલપતરામ એક સાચા આર્ષદ્રષ્ટા હતા તેની તો ના નહીં જ પડાય. નહિંતર આજથી લગભગ દોઢસો વર્ષ પહેલાં આજના સમયનું કેવું આબેહૂબ ચિત્રણ કરતા ગયા છે. તેઓનું ભાવિ દર્શન કેટલું સચોટ છે. 'પુરી એક અંધેરીને ગંડુ રાજા' નગરી અંધેરી તો રાજા ગંડુ અથવા રાજા ગંડુ તો પછી નગરીમાં અંધેર. આમાં દલપતરામને તો જે માન્ય હોય તે. પણ આપણને તો બંને વાતો અનુભવે સાવ સાચી લાગે છે. જેમ કે માત્ર 'જામીન' પર છુટનારનું પુષ્પવર્ષાથી સ્વાગત કરનાર તેને ખભે બેસાડી નાચનાર પ્રજાને કયા નગરની વાસી ગણાવી? ને છાતી ફુલાવી ફરતા એ રાજાઓ માટે પણ શું કહેવું!

પણ વાત તો હતી દલપતરામના કાવ્યની. આ કાવ્ય ધ્યાન પૂર્વક વાંચવા જેવું છે. નાનપણમાં ભણતા ત્યારે મજા પડતી પણ તે કરતાં અત્યારે વધારે મજા આવે છે એ વખતે તો માત્ર કલ્પના જ હતી અને આજે અનેક બાબતોમાં તો વાસ્તવિક અનુભવો થતા જાય છે. કેટકેટલું બાબતોમાં જેમ કે કવિએ લખ્યું , ત્યાં જઈ ચડ્યા બે ગુરૂ એક ચેલો... ને ચેલો માગવા ગયો. ગામમાં કે વિદેશમાં ભલા માગવા જેવું તેમાં દેશ પરદેશ શું જોવા.. અને આટો આપશો તો સુખડી મળશે. તેવું વચન લઈ ચેલાજી ખુશ થતા પાછા આવી ગયા અમને સહજ ડિટેલ દાખલ થવા દો- પછી જુવો...વાહ ભાઈ વાહ... આટા સામે સુખડી.. દેશ ન્યાલ જ થઈ જવાનો જ્યારે જે જોઈએ તે.. માત્ર ભાવ તેનો... આને હવે તો, આવા દુકાનદારો દરેક જગ્યાએ બેઠા છે. રાજકારણમાં પણ આ રમત ચાલે છે. આટા સામે સુખડી લેવાની. આટો પ્રજાનો તો સુખડી પોતાની ક્યારેક એવું પણ બને. આટો પોતાના ઘરમાં જાય ને સરકારી તિજોરીમાંથી આપાય..ને સુખડી આટાની ભારોભાર અપાય તેવો નિયમ નથી. ચપટી આટો આથી કિલો સુખડી લઈ લો .. આની કહેવત છે.. પ્રજાનું પ્રધાનું ખાય બાકી મુસાભાઈના વાને પાણી.. કવિ ઠાકોરે દલપતરામને ડાહ્યા કહેલા. ડાહ્યા કવિને નગરીની વ્યવસ્થા વિશે વિચાર તો થયો હશે તે તેણે લખ્યું. શિક્ષા ગુનાની ન હોય વિવેકે.. હવે સમયના વહેવા સાથે આ વિવેકે શબ્દ અદશ્ય થઈ ગયો ને સૂત્ર મળી ગયું.. શિક્ષા ગુનાની ન હોય ..બસ વાતનો તાત્કાલિક અમલ કરાયો.. ન્યાયનું પેલું જાણિતું સૂત્ર ઉલટાવાયું. ભલે ને સો-બસો નિર્દોષ નાગરીક મરે, એકપણ ત્રાસવાદીને સજા ન થવી જોઈએ.. ગુનેગારને શિક્ષા કરવાને બદલે ગુનો પકડનારને શિક્ષા કરવાની નવી નીતી અમલ આવી ગઈ નગરી અંધેરી ને?

અને આ બાયડા-બિચારા ત્રાસવાદીઓ એના દેશમાં તો ભૂખે મરતા હોય.. એકાદ જાસૂસી સંસ્થા તેનો હાથ પકડી આ બાજુ ધકેલે ત્યારે તેને કહે, જો..જો.. શહિદ ન થતો... જહુન્નમમાં જઈશ.. જીવતો પકડાજે.. ભારતની જેલમાં તને સ્વર્ગમાં મળે તેવી તમામ પ્રકારની સુવિધા મળશે. અને કદાચ ફાંસી થાય તો દયાળુ રાષ્ટ્રપતિજી તો છે જ. ચિંતા વિના પકડાઈ જા..જે.. અને આપણે તો પાઠા અર્થશાસ્ત્રીના શાસનમાં.. દરેક વાતમાં નફો.. ખોટની ગણત્રી તો કરવીજ પડેને.. કેમ તમને ખ્યાલ ન આવ્યો. ભઈ જરા સમજો. ધારો કે.. કસાબે બસો નાગરીકોને માર્યા. તો સવાર-સાંજ ચારસો થાળી બચીને ? ભલેને આ થાળી સાત-આઠ હજારની ન હોય. મામૂલી બે પરોઠાને ચમચો- શાક, ત્રીસ રૂપિયામાં મળે.. કરો ગણત્રી ૨૦૦ ગુણાંક ૬૦ જવાબ આવ્યો ને ૧૨૦૦૦. રોજના બચ્ચાને હવે પેલો ત્રાસવાદી બિરયાની માગે. કબાબ માગે તો આપો. ખાય .ખાય ને કેટલું ખાશે... હજાર બે હજારનું તોય નફો રહ્યોને... આ છાયાવાળને કંઈ નથી લખવાનું તે નકામો પોકાર કરે છે. ત્રાસવાદીઓ પાછળ નાગરીકોના કરતા નાણાં વેડફાય છે. પણ આતો અર્થશાસ્ત્રીની આંટીઘૂંટી. તેમાં સામાન્ય નાગરીકને શું સમજ પડે ને. પાછી માનવતા તો જોવાનીને? પાકિસ્તાન આપણા માછીમારોને પકડી જાય માર મારે. હાડકાં ભાંગે.. પણ આપણે તો પકડાયેલા પાકિસ્તાનીઓને પેટભરીને જમાડવાના... કહો.. ગાંધી કુટુંબ પ્રશંસકોને કેવી શાતા વળે?

કાવ્યના બીજા ભાગમાં પણ સમજવા જેવું ઘણું છે. ગંડુ રાજાએ શેઠને ફાંસીની સજા કરી 'ડોશીની સુણી દાદ'ને શેઠે ને પછી અન્યોએ કેવી સ્વીકૃત પૂર્વક દોષ બીજાને માથે ઢોળ્યો. જાણે આધુનિક સરકારી વિભાગો પોતાનો દોષ થાય જ નહીં તેમ માનનારાઓ સરકારી બાબુ તો ભગવાન. એભુલ ન કરે. ભુલ તો પેલો નાગરિક કરે. જુવાને મિયાં નીકળ્યા મારગે.. પાણી વધારે પડીગયું તે પોતાનો દોષ છુપાવવા આ એક નાગરિક મળી ગયો.. એ રાજા જેવા દલીલ કરી શકે. વહેંચણીમાં મારો દોષ કયાં છે.- આ તો અરજીઓનો થોકડો ટેબલ પર પડેલો ને 'મેં જોયું તે દિશા ને ગમે તેમ જે અરજીઓ ઉપાડી. તે સગો વહાલાની જ નીકળી આમાં હું શું કરું?'

ને હવે છેલ્લે.. દલપતરામની જાણીતી પંક્તિ.. એવી શોધી ચઢાવો શૂળીએ. જાડા નરને જોઈ તેમ અત્યારે તો સીબીઆઈ, સીઆઈડી રાજકારણીઓ સૌ જાડા બકરાની શોધમાં છે. જોઈએ કયા નરને કયાંથી શોધી કાઢે છે. પણ એક વાત લાગે છે. કાંકરા પીસાઈ જશે ને ઘઉં સાબૂત રહેશે.. આજના સમાજને વિમાનમાં બેસી સ્વર્ગે જવાનો મોહ નથી. પણ ખુરશી ટકાવી રાખવાનો મોહ છે. એટલે હમણાં તો નગરી અંધેરી રહેવાની....ને..

**-અનંતરાય ન. વ્યાસ**

